# સે-૨૧ શાકમાર્કેટમાં પાથરણાવાળાઓની દાદાગીરી



## ૫૦૦ ગ્રામથી નીચેના બાટ નથી રખાતા : પાર્કિંગની અવ્યવસ્થા સાથે ગાયોનો ત્રાસ

ગાંધીનગર, તા.૯

સ્વચ્છતા અભિયાન સાથે ગાંધીનગરને ક્લિન અને ગ્રીન બનાવવાની વાતો થઈ રહી છે ત્યારે ગાંધીનગરના મુખ્ય ગણાતા એવા સે-૨૧ના શાકમાર્કેટની ઘણી સમસ્યાઓ સામે આવી છે. કાયદેસર ફાળવેલ જગ્યાના શાકભાજી વેચનારાઓની સાથે તેમના ઘરવાળા નીચે નાનુ મોટું શાક લઈ પાથરણું પાથરીને બેસી જાય છે અને બધા બાટ રાખતા નથી. મહિલાઓ સાથે ખાલી ખોટી રકઝક કરે રાખે છે, જેમ ફાવે તેમ બોલે છે.

હાલ સ્કૂલો ખૂલવાની અને અથાણાંની સીઝન ચાલી રહી છે ત્યારે માર્કેટમાં વધુ ભીડ હોવાથી વ્યવસ્થિત પાર્કિંગની સમસ્યા સર્જાઈ રહી છે. ગાયોનો ત્રાસ વધી ગયો છે. સફાઈના નામે ઝીરો ગણાઈ રહ્યું છે સે-૨૧નું શાકમાર્કેટ.

ગાંધીનગરમાં નવા રોડ બનાવી, નવા છોડ-વૃક્ષ વાવી નવી રૂપરેખા અપાઈ રહી છે ત્યારે શહેરના શાકમાર્કેટની સમસ્યા તરફ તંત્ર દ્વારા ધ્યાન નથી અપાઈ રહ્યું. શાક વેચતા વેપારીઓ ભાડુ ભરીને જગ્યા પર બેસે છે પણ તેમના સગાવહાલા તેમની સામેકે આજુબાજુ બહાર ક્યાંક પાથરણા લઈને બેસી ગયા છે. શાક લેવા જતા તો ૧૦૦ ગ્રામ કે ૨૫૦ ગ્રામ મરચા કે આદુ કંઈક મહિલાઓ દ્વારા માંગવામાં આવે તો નથી અપાઈ રહ્યા. ૫૦૦ ગ્રામનો જ બાટ છે લેવું હોય તો લો તેમ બોલીને મહિલાઓને અપમાનિત કરાય છે. જો મહિલાઓ એમ કહે કે ૫૦૦ ગ્રામ જોખીને ૨૫૦ ગ્રામ અડધા કરી દો તો દાદાગીરી સાથે પાથરણા વાળા કહે છે કે ૫૦૦ જ અપાશે લેવા હોય તો લ્યો બાકી આગળ જાવ.

શાકમાર્કેટની બહાર ગાયો ફરતી રહે છે જેથી ટ્રાફિક સર્જાય છે. પાર્કિંગનું કોઈ જ વ્યવસ્થિત મેનેજમેન્ટ નથી. હાલ શાળાઓ શરુ થવાના આરે છે અને અથાણાંની સીઝન ચાલી રહી છે. માર્કેટ ઓવર ક્રાઉડેડ છે અને પાર્કિંગની અવ્યવસ્થાને લીધો ખોટો ટ્રાફિક સર્જાય છે. શહેરીજનો દ્વારા આ બાબતે તંત્ર દ્વારા કોઈ પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

## માણસા ખાતે બેસણામાં નવતર પ્રયોગ

ગાંધીનગર, તા, ૯

પોતાના સ્વજનના દેહાંત પાછળ સદગતના સ્નેહીજનો પુણ્ય દાન કરતાં હોય છે. રૂઢિગત રિવાજ મુજબ બેસણું ગોઠવતાં હોય છે અને વિવિધ ખાદ્ય પદાર્થ કે પૂજા પાઠને લગતી સામગ્રીનું વિતરણ



કરતાં હોય છે. માણસાના અગ્રણી આગેવાન અરવિંદભાઈ પટેલ (ઉપાધ્યક્ષ-આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, ઉ.ગુ. પ્રાંત) અને જયંતિભાઈ પટેલ (ચેમ્બર ઓફ કોમર્સ, માણસા)ના પરમ પૂજ્ય માતૃશ્રી કમળાબેન મગનલાલ પટેલનું ગત તા. ૬-૬-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગત પુણ્યાત્માના આજરોજ નિર્ધારિત બેસણા દરમિયાન તેમના કુટુંબીજનો દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.

બેસણામાં ઉપસ્થિત રહેનાર તમામ સગાસંબંધી અને મિત્રવર્ગના સભ્યોને પક્ષીની પરબ (કુંડુ), પંખીઘર અને ચણ વિતરણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણ અને જીવદયા ક્ષેત્રે કાર્યરત એવા 'ગ્રીન માણસા રિવોલ્યુશન'ના સક્રિય સેવાભાવી સદસ્યો અને અન્ય સમાજસેવકો સર્વ રાકેશ પ્રજાપતિ (સમાજસેવી શિક્ષણવિદ), રસિકભાઈ પટેલ, લક્ષ્મણભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, હરેશ પ્રજાપતિ, જિતેન્દ્ર પ્રજાપતિ, જીતુભાઈ કડીયા દ્વારા સ્વ પ્રયત્ને આ પરબ, ચકલીઘર અને ચણ-પડીકાં તૈયાર કરવામાં આવ્યા હતા.

## ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષના મીટરબોક્ષમાં આગ

### વેપારીઓએ ત્રણ બોટલ એસ્ટીગ્યુઝરનો મારો ચલાવી આગ કાબુમાં લીધી

ગુજરાતમાં આકાશી અગનગોળા વરસતા અસહ્ય ગરમીથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે હીટવેવને પગલે આગ લાગવાના કિસ્સામાં પણ વધી રહ્યા છે. ગરમીનો પારો ૪૫ ડીગ્રીએ પહોંચતા માનવી અને અબોલ પશુ-પક્ષીઓની હાલત પણ કફોડી બની જવા પામી છે. ગરમીથી બચવા માટે નાગરીકો પંખા,એસી અને કુલરના સહારે ઘરમાં પુરાઈ રહે છે. ઉનાળાને પગલે વીજવપરાશમાં પણ બમણો વધારો થઈ જાય છે.ત્યારે વિજવપરાશના ઓવરલોડને કારણે વિજમીટર બોક્ષમાં આગ લાગવાના કિસ્સા બને છે. ત્યારે આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં દહેગામ-ચિલોડા માર્ગ પર આવેલા અશ્વમેઘ કોમ્પલેક્ષની નીચે સીડી પાસે આવેલી દુકાન અચાનક આગમાં લપેટાઈ ગઈ હતી. આગનુ વિકરાળ સ્વરુપ જોઈ દુકાનમાંથી કાળા ડીબાગ ધુમાડા નીકળતા વેપારીઓ ચિંતાગ્રસ્ત બન્યા હતા. બનાવને પગલે પોલીસ અને વિજકર્મચારીઓ પહોંચી ગયા હતા. પરંતુ અશ્વમેઘ કોમ્પલેક્ષમાં દુકાન ધરાવતા વેપારીની સમય સુચકતાને પગલે આગ અન્ય જગ્યાએ પ્રસરી નહી. વેપારીએ પોતાની દુકાનમાંથી તાત્કાલીક ત્રણ ફાયર એસ્ટીગ્યુઝર મંગાવી તેનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.આગમાં ૧૫ જેટલા મીટર બોક્ષ બળીને ખાક થઈ ગયા હતા. આગ લાગી તે દુકાન મોબાઈલની હતી, પરંતુ થોડા સમયથી તે બંધ હાલતમાં છે. મીટરબોક્ષમાં શોર્ટસર્કિટને પગલે આગ લાગતા દુકાનમાં રહેલા પુઠા અને અન્ય સામગ્રીને પગલે આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું. આગ લાગી તેની બાજુમાં ઈલેક્ટ્રોનીકસ અને ફર્નિચરની દુકાન આવેલી હોવાથી તે વેપારીઓમાં પણ ભય ફેલાયો હતો. કેટલાક વેપારીઓએ દુકાનનો સામાન પણ ખસેડવાની કામગીરી શરુ કરી દીધી હતી. આગ કાબુમાં આવી જતા કેટલાક વેપારીઓએ મનોમન ભગવાનનો આભાર વ્યકત કર્યો હતો.



ઉનાળાના અંતિમ ચરણમાં સૂરજદાદા વધુને વધુ આકરા બની રહ્યા છે. આવે ટાણે ઠંડી, મધુર છાશ અમૃત સમાન લાગે છે જે તાપની લૂથી બચાવે છે. ગાંધીનગરના સેકટર-૫માં આજે રમેશચંદ્ર ભટ્ટ નામના વસાહતીનો જન્મદિવસ હતો જેમના પુત્ર પરેશભાઈ ભટ્ટે પિતાના જન્મદિનની ઉજવણી રાહદારીઓને ઠંડી છાશ પીવડાવી કરી હતી. છાશનો લાભ લેનારા રાહદારીઓએ અમૃત સમો ઘુંટડો મોંઢે માંડી તૃપ્ત થવા સાથે છાશ વિતરણના આ પ્રયાસને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.



સ્માર્ટ સીટીની ગુલબાંગો વચ્ચે રાજયનું પાટનગર હજુ સુધી કચરાની મૂળ સમસ્યામાંથી મુકિત મેળવી શકયું નથી. કરોડોનો ખર્ચ કરવા છતાં સમસ્યા ઠેરની ઠેર છે. ચોવીસ ચોકડીએ આરાધના સ્કૂલ જવાના રસ્તે કચરાના ઢગ વચ્ચે ગાયોનો જમાવડો રાહદારીઓ અને વાહનચાલકો માટે શીરદર્દ સમાન બન્યો છે.

## ખાણ-ખનીજ વિભાગની પુંધરા ચેકપોસ્ટ પર લાંચ લેતા બે કર્મચારી ઝડપાયા

વિવિધ ખાણ-ખનીજ ભરીને ધણપ અને પુંધરા ચેકપોસ્ટ પરથી પસાર થતી ટ્રકના ચાલકો પાસેથી રૂપિયા પડાવતા ખાણ-ખનીજ વિભાગના સિક્યુરીટી ગાર્ડ અને ડ્રીલર એ.સી.બી.ના છટકામાં રૂ. ૧૦ હજાર લેતા રંગેહાથ ઝડપાઈ ગયા છે. પ્રાપ્ત માહિતી મુજબ ખાણ-ખનીજ ભરીને વિવિધ ચેકપોસ્ટ પરથી પસાર થતી ટ્રકોને ઉભી રાખીને વધુ ખનીજ ભર્યુ છે તેમ દમ મારી વિભાગના ડ્રીલર અને ગાર્ડ દ્વારા રૂપિયા લેવામાં આવતા હતા. જેમાં ઓવરલોડ ટ્રકના મામલે રૂ. ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. લાંચની રકમ માંગતા ટ્રકમાલિકે સાબરકાંઠા એસીબીને અરજી કરી હતી. ટ્રકમાલિકની અરજીના પગલે સાબરકાંઠા એસીબી પીઆઈ સી.ડી. વણઝારા, હિંમતનગર અને અરવલ્લી એસીબી સ્ટાફે માણસાના પુંધરા ચેકપોસ્ટ પાસે છટકુ ગોઠવ્યુ હતુ. આ છટકમાં ટ્રકચાલક પાસેથી રૂ.૧૦ હજાર લાંચ લેતા ખાણખનીજ વિભાગના ડ્રીલર ભીખુસિંહ રતનસિંહ ચૌહાણ અને સિક્યુરીટી ગાર્ડ ભરતસિંહ લાલસિંહ ચૌહાણ રંગેહાથ ઝડપાઈ ગયા છે. એસીબીએ બને વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેશના વડાપ્રધાનના ઈતિહાસમાં પણ કોંગ્રેસે સ્થાન ગુમાવ્યું, ૧૪ પૈકી માત્ર છ PM આપ્યાં

### કોંગ્રેસના એ ત્રણ સિંહ અને આજના બે સિંહ - નામમાં સિંહ નહીં, કર્મથી સિંહ બનાય તો સત્તા આવે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

૧૫મી ઓગષ્ટ-૧૯૪૭ થી અત્યાર સુધીમાં સત્તાસ્થાને આવેલા (કાર્યવાહક ગુલઝારીલાલ નંદા સિવાય) ભારતના ૧૪ વડાપ્રધાન પૈકી ભાજપના બે સહિત કુલ આઠ વડાપ્રધાન બિન કોંગ્રેસી રહ્યાં છે, જેમાં મોરારજી દેસાઈ પહેલા એવા વડાપ્રધાન હતા જેઓ જનતા પાર્ટીમાંથી આવતા હતા. તેઓ ગુજરાતી હતા. ફેબ્રુઆરી મહિનાની ૨૯મી તારીખે જન્મેલા 'નસીબદાર' એવા આ નેતા ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને છઠ્ઠા વડાપ્રધાન હતા. તેમનો કાર્યકાળ ૧૯૭૭ થી ૧૯૭૯ સુધીનો હતો. ભારત રત્ન અને નિશાન-એ-પાકિસ્તાન એવા બે ખિતાબ તેમને મળી ચૂક્યાં છે. તેઓ વલસાડ જિલ્લાના ભદેલી ગામના વતની હતા. અંગ્રેજોની નોકરી છોડીને આઝાદીની જંગમાં જોડાયા હતા. સ્વ.મોરારજી દેસાઈ પછી જનતા પાર્ટીમાંથી ચૌધરી ચરણસિંઘ વડાપ્રધાન બન્યા હતા. એ ઉપરાંત જનતાદળમાંથી વિશ્વનાથ પ્રતાપસિંહ, ચંન્દ્રશેખર, એચ.ડી.દેવગૌડા અને

### જે શહેરની રચના દિલ્હી-મુંબઇ કોરિડોરમાં થઇ હતી તેનો સંપૂર્ણ શ્રેય હરગોવિંદ મેવાડાને જાય છે

ઈન્દ્રકુમાર ગુજરાલ તેમજ ભાજપમાંથી અટલ બિહારી વાજપેયી બે વખત વડાપ્રધાન પદ પર રહ્યાં છે. ઈન્દિરા ગાંધી, વાજપેયી અને ડો. મનમોહનસિંહ એ ત્રણ નામ એવાં છે કે જેઓ દેશમાં બે બે વાર વડાપ્રધાન બની શક્યા છે પરંતુ હવે તેમાં નરેન્દ્ર મોદીનું નામ જોડવું પડે તેમ છે, કેમ કે નરેન્દ્ર મોદી ૨૦૧૪ થી ૨૦૧૯માં પાંચ વર્ષ પૂર્ણ કરી ફરી એકવાર પાંચ વર્ષ માટે વડાપ્રધાન બન્યા છે. દેશનું વડાપ્રધાન પદ ઉત્તર પ્રદેશની મોનોપોલી જેવું હતું પરંતુ છેલ્લી બે ટર્મથી દેશને નરેન્દ્ર મોદીના નામે ગુજરાતી વડાપ્રધાન મળી રહ્યાં છે. કોંગ્રેસમાં હવે પૂર્વ વડાપ્રધાનની સંખ્યામાં ઘટાડો થયો છે, કારણ કે ૧૪ પૈકી માત્ર છ વડાપ્રધાન કોંગ્રેસ આપી શક્યું છે જ્યારે બિન કોંગ્રેસી પાર્ટીઓએ દેશમાં આઠ વડાપ્રધાન આપ્યાં છે.

**ગુજરાતના કૈલાસનાથન મોદીની ટીમમાં જઇ શકે છે...**

ગુજરાતના ચીફ સેક્રેટરી ડો. જેએન સિંઘ ને છ મહિનાનું એક્સટેન્શન મળ્યા પછી મુખ્યમંત્રી વિજય રૂપાણીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથનની નિયુક્તિ નવી દિલ્હીમાં થાય તેવી સંભાવના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરાલાની મુલાકાત લીધી ત્યારે તેમણે કૈલાસનાથનને મુલાકાતની વ્યવસ્થા માટે અગાઉથી કેરાલા મોકલ્યા હતા. સચિવાલયના સૂત્રો કહે છે કે કૈલાસનાથન ટૂંક સમયમાં દિલ્હી જઈ શકે છે. તેમની ખાલી પડેલી જગ્યાએ સરકાર કોને નિયુક્ત કરે તેની ચર્ચાઓ ચાલી રહી છે, જો કે કૈલાસનાથન કેન્દ્ર સરકારમાં ક્યારે નિયુક્ત થશે તે નિશ્ચિત નથી. હાલ તેમની ફરજ કેન્દ્ર અને ગુજરાત સરકાર સાથે તાલમેલ બનાવવાની છે. ગુજરાતમાં મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી હતા ત્યારે તેમણે કૈલાસનાથનને ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા હતા. તેઓ આનંદીબહેન પટેલના શાસનમાં પણ આ પદ પર હતા અને વિજય રૂપાણીની પહેલી ઈનિંગ્સમાં પણ તેઓ આ પદ પર હતા. આજેપણ તેઓ આ પદ પર ચાલુ છે. કૈલાસનાથનને ડિસેમ્બર ૨૦૧૭માં બે વર્ષનું એક્સટેન્શન આપવામાં આવેલું છે અને તેઓ ડિસેમ્બર ૨૦૧૯માં નિવૃત્ત થશે. ૧૯૭૯ બેચના ગુજરાત કેડરના આઈએએસ અધિકારી કૈલાસનાથન જૂન ૨૦૧૩માં મુખ્યમંત્રીના એડિશનલ ચીફ સેક્રેટરી પદેથી નિવૃત્ત થયા હતા, ત્યારબાદ નરેન્દ્ર મોદીએ તેમને ચીફ પ્રિન્સિપલ સેક્રેટરીની નવી ક્રિયેટ કરેલી જગ્યાએ નિયુક્તિ આપી હતી.

**પીએમઓમાંથી પીકે મિશ્રાને હવે આરામ મળી શકે છે...**

ગુજરાત કેડરના એક આઈએએસ ઓફિસર પીકે મિશ્રા કે જેઓ હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયમાં એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરીના હોદ્દા પર ફરજ બજાવે છે. મોદી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે પીકે મિશ્રાને ૨૦૧૪માં દિલ્હી લઈ ગયા હતા. તેઓ ૧૯૭૨ની બેચના આઈએએસ ઓફિસર છે. ઈકોનોમિક્સમાં તેમણે ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન અને પીએચડી કર્યું છે. મિશ્રા ગુજરાતમાં રેવન્યુ અને એગ્રીકલ્ચરમાં એડિશનલ ચીફ સેક્રેટરી હતા. તેમણે મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે પણ હોદ્દો સંભાળ્યો છે. વડાપ્રધાન કાર્યાલયમાં ફરજ બજાવતા નૃપેન્દ્ર મિશ્રા ૭૪ વર્ષના છે અને ૨૦૧૪માં તેઓને પીએમઓમાં નિયુક્તિ મળી હતી પરંતુ વધતી ઉંમરના કારણે તેમને હવે બદલવામાં આવે તેવી સંભાવના છે. ગુજરાત કેડરના પીકે મિશ્રા હજી ૭૦ વર્ષના છે. તેઓ શક્તિશાળી ઓફિસર છે અને મોદીના ભરોસેમંદ છે. મિશન ગંગામાં તેમનો રોલ મોટો છે. પીએમઓના સૂત્રો કહે છે કે પીકે મિશ્રા ને પણ હવે આરામ આપવામાં આવી શકે છે. તેમના સ્થાને ગુજરાત કેડરના બીજા કોઈ ઓફિસરને ડેપ્યુટ કરવામાં આવે તેવી અટકળો તેજ બની છે. આ જગ્યા પર ગુજરાતમાંથી જો પદ સ્વિકાર કરે તો ડો. મંજૂલા સુબ્રમણ્યમ, સુધીર માંકડ અને ડી. રાજગોપાલન જેવા અધિકારીઓના નામ ચર્ચાય છે.

**સિંહ હોવાથી સત્તા મળી જતી નથી--- જુઓ કોંગ્રેસને...**

ગુજરાત કોંગ્રેસમાં મુખ્યમંત્રી કક્ષાના ઉમેદવારોની મોટી ખોટ પડી છે. હાલના કોંગ્રેસના નેતાઓ સ્થાનિક કક્ષાનું પ્રતિનિધિત્વ ધરાવે છે અને તેઓ તેમના જિલ્લા પુરતા લોકપ્રિય છે પરંતુ રાજ્યની જનતા જેમને સ્વિકારી શકે તેવા નેતાઓનો કોંગ્રેસમાં અભાવ છે. કોંગ્રેસ પાસે ત્રણ સિંહ હતા ત્યારે તેઓ ભાજપને હંફાવતા હતા. કોંગ્રેસમાં સૌથી વધુ શાસન કર્યું છે તેવા માધવસિંહ સોલંકી માસ લિડર રહ્યાં છે. તેમના પછી અમરસિંહ ચૌધરી માસ લિડર બન્યા હતા. પાર્ટીમાં રાજકોટના રાજવી મનોહરસિંહ જાડેજા પણ માસ લિડર હતા. આ ત્રણ સિંહ ભાજપના જૂજ સભ્યોને વિધાનસભામાં અને ચૂંટણીના મેદાનમાં હંફાવતા હતા. આજે પણ માધવસિંહ સોલંકીએ વિધાનસભામાં જીતેલી ૧૪૯ બેઠકોનો વિક્રમ ભાજપના નરેન્દ્ર મોદી કે અમિત શાહ તોડી શક્યા નથી. એક બાબત ચોક્કસ છે કે માધવસિંહ કરતાં નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વધુ સમય સુધી શાસન કર્યું છે. કોંગ્રેસમાં સિંહોનો બીજો તબક્કો ૧૯૯૫ પછી આવ્યો હતો. કોંગ્રેસ પાસે શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી જેવા માસ લિડર મોજૂદ હતા પરંતુ તેઓ ગુજરાતમાં કોંગ્રેસને સત્તા પર લાવી શક્યા નથી. કોંગ્રેસ પાસે શંકરસિંહ વાઘેલા પણ હતા પરંતુ કોંગ્રેસે તેમનો ઉપયોગ કરવાની જગ્યાએ તેમની સામે શંકાની નજરે જોવાનું શરૂ કર્યું આખરે શંકરસિંહે કોંગ્રેસને તિલાંજલિ આપી દીધી. આ ત્રણ સિંહ પાર્ટી પાસે હતા છતાં ગુજરાતમાં ૧૯૯૫ પછી કોંગ્રેસનું શાસન આવ્યું નથી. કોંગ્રેસના અગાઉના ત્રણ સિંહ સામે આ ત્રણ સિંહ શાસન અપાવવામાં વામણા પુરવાર થયા છે. શક્તિસિંહ અને ભરતસિંહે તો તેમના મતવિસ્તારમાં જનાધાર ખોઈ નાંખ્યો છે. પાર્ટીમાં કહેવાય છે કે સિંહ નામધારી હોવાથી સત્તા મળી જતી નથી, તેના માટે જનતાની વચ્ચે જઈને તનતોડ મહેનત કરવી પડે છે.



**ગુજરાત પાસે સંવેદનશીલ મંત્રીઓ પણ હતા...**

ગુજરાત પાસે પણ સંવેદનશીલ મંત્રીઓ હતા. કોંગ્રેસની ચીમનભાઈ પટેલની સરકારમાં ઉર્વિશીદેવી પ્રવાસન વિભાગના એવા મંત્રી હતા કે એક દિવસ તેમણે ટુરિઝમનો કચ્છ મહોત્સવ કર્યો હતો. એ સમયે આ મહોત્સવમાં એટલું મોટું કૌભાંડ થયું કે અખબારોએ પાના ભરીને લખ્યું કે કચ્છનો મહોત્સવ કૌભાંડ મહોત્સવ બની ગયો છે. ઉર્વશીદેવીને લાગી આવ્યું અને તેમણે ત્વરીત ગતિએ તેમના હોદ્દાનું રાજીનામું મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને આપીને

આભાર - નિહારીકા રવિયા

મહોત્સવની તપાસ શરૂ કરવા કહ્યું હતું. બીજા એક મંત્રી કેશુભાઈની ૧૯૯૫ની સરકારમાં હતા. રાજકોટના ધારાસભ્ય અને બંદર વિભાગના મંત્રી ઉમેશ રાજ્યગુરૂને મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે જ્યારે મત્સ્યોદ્યોગ વિભાગ આપ્યો ત્યારે તેમણે રાજીનામું આપી દીધું હતું અને કેશુભાઈને કહ્યું હતું કે હું જન્મજાત બ્રાહ્મણ છું તેથી મત્સ્યોદ્યોગ વિભાગ મારે જોઈતું નથી. કેશુભાઈને ભૂલ સમજાતાં તેમણે ઉમેશ રાજ્યગુરૂને બંદર વિભાગનો હવાલો આપ્યો હતો. એવી જ રીતે માધવસિંહ સોલંકીની સરકારમાં સનત મહેતા નાણાં અને શ્રમ મંત્રી હતા. એક સમયે સચિવાલયમાં મંત્રીઓ પાસે ફાઈલોનો ઢગલો થઈ ગયો હતો. માધવસિંહે તમામ મંત્રીઓના પ્રવાસ રદ કરીને ફાઈલ નિકાલ કરવાની સૂચના આપી દીધી ત્યારે સનત મહેતાએ કહ્યું કે- સાહેબ, મારી પાસે કોઈ ફાઈલ પેન્ડિંગ નથી, બીજા કોઈ મંત્રીની બાકી હોય તે ફાઈલો મને આપી દો... સનત મહેતાની કામ કરવાની સ્ટાઈલ બધાં કરતાં અલગ હતી. તેઓ અભ્યાસુ અને મહેનતું હતા. પોતાના વિભાગના કામોનો તાત્કાલિક નિકાલ કરી દેતાં હતા. સચિવાલયમાં ફાઈલોને તુમાર કહેવાય છે. પ્રત્યેક મુખ્યમંત્રી તેમની કેબિનેટમાં તુમાર નિકાલ ઝૂંબેશ ચલાવે છે. આપણને વિજય રૂપાણીની સરકારમાં સનત મહેતા જેવા મહેનતું મંત્રી હોત તો મંત્રીઓની ઓફિસમાં મહિનાઓ સુધી ફાઈલ પડી ન રહે.

**અમિતભાઇ, કુછ દિન તો ગુજારો ગુજરાત મેં...**

ગુજરાતના મુખ્યમંત્રી પદેથી ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદી ૧૦૦ દિવસના તેમના શાસન પછી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા, તે સમયે ગુજરાતના અખબારો એવી નોંધ કરતા હતા કે કુછ દિન તો ગુજારો ગુજરાત મેં... આ વાક્ય એટલા માટે વપરાયું હતું કે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ટુરિઝમ સેક્ટરમાં ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચનને એમ્બેસેડર બનાવ્યા હતા. અમિતાભ બચ્ચને ગુજરાતના પ્રવાસન અને યાત્રાધામ વિકાસ બોર્ડના સ્થળોને પ્રમોટ કરવા માટે ટુરિઝમ કેમ્પેઈન શરૂ કરી શોર્ટ ફિલ્મો બનાવી હતી. આ કેમ્પેઈનને નરેન્દ્ર મોદીની સરકારે કુછ દિન તો ગુજારો ગુજરાત મેં... નામ આપ્યું હતું. ગુજરાતમાંથી ચૂંટાયા પછી મોદી જ્યારે ગુજરાત આવ્યા ત્યારે ૧૦૦ દિવસ વિતી ગયા હતા. હવે ગુજરાતના બીજા રાજકીય નેતા મોદી સરકારમાં ગૃહમંત્રી બન્યા છે. હવે તેમના માટે પણ કહેવાઈ રહ્યું છે

### ગુજરાતના ત્રણ સંવેદનશીલ મંત્રીઓ - કાશ, આજે આવા મંત્રીઓ હોય તો સરકારને ચાર ચાંદ લાગે

કે-- અમિતભાઈ, તમે પણ કુછ દિન તો ગુજાતો ગુજરાત મેં... જો કે અમિત શાહ લોકસભામાં ચૂંટાયા પછી ગુજરાતની મુલાકાત લઈ ચૂક્યાં છે અને હવે ફરીથી આ મહિનામાં ગુજરાત આવી રહ્યાં છે. દેશનું સુકાન બન્ને ગુજરાતીઓના હાથમાં છે. એકના હાથમાં દેશનું વહીવટી તંત્ર છે તો બીજાના હાથમાં દેશની સલામતીની વ્યવસ્થા છે. અમિત શાહ માટે તો એવું કહેવાય છે કે તેઓ ગૃહમંત્રી માટે સર્જાયા છે, કારણ કે તેઓ જ્યારે ગુજરાતમાં મોદી કેબિનેટમાં હતા ત્યારે રાજ્યકક્ષાના ગૃહમંત્રીની ફરજ બજાવતા હતા અને હવે કેન્દ્રમાં પણ ગૃહમંત્રીની ફરજ તેઓ બજાવી રહ્યાં છે.

**ગાંધીનગરમાં હરગોવિંદ મેવાડાનો રોલ શું હતો...**

ગુજરાતના પ્રથમ ચીફ મિનિસ્ટર ડો.જીવરાજ મહેતાએ અમદાવાદથી ૨૫ કિલોમીટર દૂર ૫૫૦૦ હેક્ટરમાં ગાંધીનગર બાંધવાની જાહેરાત કરી હતી પરંતુ તેમાં મહત્વનો રોલ અદા કર્યો હતો હરગોવિંદ મેવાડાએ, કે જેમણે ગાંધીનગરનો વિકાસ પ્લાન બનાવ્યો હતો. ગાંધીનગર માટે પસંદ કરાયેલા વિસ્તારમાંથી મુંબઈ-દિલ્હીનો હાઈવે પસાર થતો હતો. મુખ્યમંત્રીએ દૂરંદેશી વાપરીને સરકારી કર્મચારીઓના વ્યાપક વિરોધ છતાં ગાંધીનગરની રચના કરી હતી. જાન્યુઆરી-૧૯૬૫માં ગાંધીનગરના મુખ્ય ટાઉન પ્લાનર તથા આર્કિટેક્ટ તરીકે હરગોવિંદની પસંદગી કરવામાં આવી હતી, જે ચંદીગઢના ટાઉનપ્લાનર કોર્બુસિએના મદદનીશ રહી ચૂક્યા હતા.

મેવાડા વડોદરાની કલાભવન ઈન્સ્ટીટ્યુટમાં આર્કિટેક્ચર ભણ્યા પછી અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં આર્કિટેક્ટની તેમજ ઈલિનોઈસ યુનિવર્સિટીમાં ટાઉન પ્લાનિંગની માસ્ટર ડીગ્રી મેળવી હતી. આજના સિટીના પહોળા માર્ગો અને આયોજનબદ્ધ આવાસો તેમને આભારી છે. હકીકતમાં જોવા જઈએ તો દિલ્હી-મુંબઈના હાઈવે ઉપર વસેલું શહેર આજે આખા વિશ્વના નકશામાં કેદ થઈ ચૂક્યું છે. ગુજરાતના ગાંધીનગરના એક સમયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારે તેમની બીજી ઓળખ ગાંધીનગર છે, કારણ કે તેમણે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટ સમિટ કરીને વિશ્વના ડિપ્લોમેટ્સ અને વૈશ્વિક ઉદ્યોગજગતના પ્રતિનિધિઓને આમંત્ર્યા હતા. હરગોવિંદ મેવાડાની એક ખાસિયત એ હતી કે તેઓ આગામી ૧૦ થી ૧૫ વર્ષ પછીનું પ્લાનિંગ કરતા હતા. ગાંધીનગરના માર્ગોની રૂપરેખા બની ત્યારે તેમાં તેમણે માર્ગોના ચાર રસ્તાઓ પર સિંગલ માર્ગના અંડરબ્રીજ કોંક્રીટથી ચણીને માટીથી ઢાંકી દીધા હતા. શહેરનો ટ્રાફિક વધે ત્યારે આ અંડરબ્રીજને ખોલીને તેનો ઉપયોગ કરવાનું તેમનું પ્લાનિંગ હતું. આ ઉપરાંત પ્રત્યેક સેક્ટરમાં બાગ-બગીચા, રંગમંચ અને બાળકો માટેની બાલકનજી બારી જેવા પ્રોજેક્ટ પણ લોંચ કર્યા હતા.